| | |
|---|---|
| દાખલ તારીખ | |
| રજીસ્ટરે લીધા તારીખ | |
| ફેસલ તારીખ | ૧૩/૦૮/2022 |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ |

**મે. રાજકોટના સ્પે. સીંટીંગ મેજીસ્ટ્રેટ મ્યુની.જયુ.મેજી.ફ.ક. સાહેબશ્રી ની કોર્ટમાં, રાજકોટ**

**ક્રીમી. કેસ નં–7214/2022**

**આંક –**

**ફરીયાદી – નામદાર સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** – નં.૧–હનીફભાઇ હુશેનભાઇ જેસાણી,
નં.૨–દાનીશભાઇ સીદીકભાઇ બલોચ,
નં.૩–અલ્તાફ ઉર્ફે ભોલો હાસમભાઇ જોખીયા,
તમામ રહે.રાજકોટ

**ગુનો – ગુજરાત જુગારધારા પ્રતિબંધની કલમ–૧૨ મુજબ...**

**–ઃ ચુકાદો ઃ–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપીઓ ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે જાહેર જગ્યાએ પાસ પરમીટ વગર જુગાર રમતા–રમાડતા મળી આવી જુગારધારાની ક.–૧૨ મુજબનો ગુનો કરેલ. જેની ફરીયાદ થતા આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપીઓ હાજર થતા તેઓને નકલો આપવામાં આવેલ હતી/છે. આજરોજ આરોપીઓએ હાજર થઇ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીઓએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓના સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ રજુ હોય જેથી તેઓની ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ તેમાં પણ ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપીઓ ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી

છે.

**(૨)** આરોપીઓને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીઓની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ચાર્જશીટ પરથી આરોપીઓએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. જેથી સદર કેસની હકિકત જોતા આરોપીઓની ઉમર જોતા, તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપીઓ ઉપરના આક્ષેપીત ગુનાની સજા જોતા આરોપીઓની કબુલાત સ્વીકારવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. ઉપરાંત આરોપીઓએ કરેલ ગુના માટે ત્રણસો રૂપીયા સુધીના દંડની અને ત્રણ મહિના સુધીની કેદ એમ બન્ને શિક્ષાની જોગવાય છે. જેનો મતલબ કોર્ટ ઉઠતા સુધીની સજાથી લઇ ૩ મહિના અને એક રૂપીયા થી રૂ.૩૦૦/- સુધી આમ બન્ને સજા થઇ શકે તેમ છે. જેથી કલમમાં જણાવેલ સજા અને ના. ગુજરાત હાઇકોર્ટનો નટવર હરચંદજીનો ચુકાદો ધ્યાને લેતા આરોપીઓને નીચે મુજબની સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## /// <u>હુકમ</u> ///

- **આરોપીઓને ક્રિ.પો.કોડ-૧૯૭૩ ની કલમ-૨૫૨ મુજબ જુગારાધારિ પ્રતિબંધ ની ક.૧૨ મુજબનો ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે. પ્રત્યેક આરોપીને સદર ગુનો કરવા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.૩૦૦/- (અંકે રૂપિયા ત્રણ સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન-૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**
- **સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ નાણા સરકાર જમા કરવાવો હુકમ કરવામાં આવે છે. બાકીના મુદ્દામાલ બાબતે નીચમો મુજબની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.**
- **આરોપીઓ પાસેથી કુલ્લે રૂ.૯૦૦/- (નવસો) લેવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજ તા.૧૩-૦૮-૨૦૨૨ ની સ્પે. સીટીંગ મેજી. અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૩-૦૮-૨૦૨૨ નેહા રાતુસરીયા
સ્થળઃ રાજકોટ. સ્પે. સીંટીંગ મેજીસ્ટ્રેટ, રાજકોટ.